मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये।

यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥३॥ गीता अध्याय ७

अन्वयः– मनुष्याणां सहस्रेषु कश्चित् सिद्धये यतति यतताम् सिद्धानाम अपि तत्त्वतः कश्चित् माम वेत्ति।

ભાવાર્થઃ—હજારો મનુષ્યોમાં કોઈ એક સિદ્ધિ–એટલે કે આત્મજ્ઞાનને માટે પ્રયત્ન કરે છે અને તેવા યત્ન કરનારા આત્મજ્ઞાન પ્રાપ્ત થયેલા સિદ્ધોમાં પણ તત્ત્વપૂર્વક–યથાર્થ રીતે કોઈક જ મને જાણે છે.

—o—

ગયા શ્લોકમાં જે દૈવી અને અલૌકિક જ્ઞાન મેળવીને માણસ ભગવાન થઈ જાય છે તે શ્રેષ્ઠ આત્માનું વર્ણન કર્યું. ભગવાન કહે છે કે આ જ્ઞાન એટલું સુંદર છે કે માનવી જીવનનો બોજો તેનાથી ઓછો થઈ જાય. ઉપનિષદ અને વૈદિક વાઙ્મયથી માણસ વિમુખ થઈ જાય તો માનવનું ભૌતિક જીવન પણ ખારૂં થઈ જાય. ધણીધણીઆણીનો પ્રેમ ટકાવવો હોય અને ભૌતિક સુખ જોઈતું હોય તો પણ આત્મજ્ઞાનની જ જરૂર છે.

આ આત્મજ્ઞાન આટલું શ્રેષ્ઠ હોવા છતાં માણસ તે માર્ગ સ્વીકારતો નથી. આજે ભગવાન સમજાવે છે કે આત્મજ્ઞાન શ્રેષ્ઠ હોવા છતાં હજારમાંથી એકાદ માણસ જ એ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે. અને આવા હજારો માણસોમાંથી એકાદ જ માણસ પ્રભુ પાસે પહોંચે છે. પ્રભુ પાસે પહોંચવું, કાં તો પ્રભુ થવું આ જ સિદ્ધિ છે. આવી સિદ્ધિ મેળવવા ભાગ્યે જ કોઈ પ્રયત્ન કરે છે.

બીજાને ખલાસ કરવું એ સિદ્ધિ નહિ પણ પોતે ખલાસ થવું એ સિદ્ધિ છે. અંતર્મુખ થઈને જોઈએ તો ખબર પડે કે "કરવાવાળો બીજો છે હું છું જ નહિ."

માણુસોને એમ લાગે છે કે પોતાનું નામ यावच्चंद्र दिवाकरौ રહે પણ એમની ઇચ્છા બર આવતી નથી. કીર્તિ यावच्चंद्रदिवाकरौ રહે કયાંથી? मांत्रिक तांत्रिक शास्त्री पुराणिक किति गेले हे जगमधून માંત્રિક, તાંત્રિક, શાસ્ત્રી, પુરાણિક, રાજાઓ બધા આ જગતમાંથી ચાલ્યા ગયા. તેમનું નામનિશાન જોવા મળતું નથી. શ્રીકૃષ્ણ ભગવાન જેવા કોઈકનું જ નામ यावच्चंद्र दिवाकरौ રહે. આમ હોવા છતાં માણુસને 'હું રહું' એ મોટામાં મોટી કામના છે. 'હું રહું' આ કામના ઉપર જ પુત્ર કામના અને બીજી કામનાઓ આધારેલી છે. પરંતુ 'હું રહું' આ કઈ સિદ્ધિ છે?

તત્ત્વજ્ઞાન અને ગીતા સમજાવે છે કે 'હું રહું નહિ' આ જ ખરી સિદ્ધિ છે. ગીતા આ એકમેવ ગ્રંથ છે કે જે આવા આદર્શ સ્થિતપ્રજ્ઞ પુરૂષનું વર્ણન કરે છે. ગીતા કહે છે કે સિદ્ધિ એટલે જીવે ખલાસ થઈ જવું. (ખલાસ થઇ જવું એટલે મરી જવું નહિ.) હું એક પડછાયો છું. હું એક પ્રતિબિંબ છું. બિંબ જુદું જ છે. આ વાત ખરી છે કે બિંબ જેવું જ પ્રતિબિંબ દેખાય પણ પ્રતિબિંબને સ્વતંત્ર સત્તા નહિ. સૂર્યનું પ્રતિબિંબ પાણીમાં પડે તે દેખાય સૂર્ય જેવું જ. પણ તેને સ્વતંત્ર સત્તા નહિ. તે પાણીમાંનું પ્રતિબિંબ તાપ ન આપે. આવી જ રીતે હું પણ પ્રતિબિંબ છું તેથી મને પણ જગતમાં સ્વતંત્ર સત્તા નહિ.

પ્રતિબિંબને ચંદન નહિ. અરીસામાં આપણે આપણું પ્રતિબિંબ જોઇએ તે લાગે આપણા જેવું જ. પરંતુ તેને ચંદન નથી કરતા. એ રીતે જીવ પ્રતિબિંબ છે અને ભગવાન બિંબ છે.

આપણે ભગવાનને પગે લાગીએ એટલે આપણે મુમુક્ષુ નહિ. અરે! અગવડમાં આવેલો માણુસ બધાને પગે લાગે તેમ ભગવાનને પણ પગે લાગે. આવતી કાલે ગધેડાને પગે લાગી દસ લાખ રૂપિયા મળતા હોય તો તે ગધેડાને પણ પગે લાગે. જેને પગે લાગીને લાભ થતો હોય તે અમને જોઇએ. ભગવાનને પગે લાગવા લાગ્યો એટલે તે મુમુક્ષુ નથી. આપણે તો કોઇને પણ મુમુક્ષુ કહીએ. આમંત્રણ પત્રિકામાં

લખીએ કે 'સર્વ મુમુક્ષુ જનોને'–આપણને મુમુક્ષુ શબ્દનો અર્થ ખબર નથી તેથી એમ લખીએ.

મુમુક્ષુ કોણ? જે પોતે ખલાસ થાય તે મુમુક્ષુ. જેણે જીવન વિકાસ સાધવા માટે પ્રયત્ન કર્યો છે તે મુમુક્ષુ. જીવન ભવ્ય, દિવ્ય થાય તે માટે જે પ્રયત્ન કરે તે મુમુક્ષુ. આ ખોખું શેનું બનેલું છે? બે તત્ત્વો જણાય છે. એક જડ અને બીજું ચૈતન્ય. તેમાં 'હું' ક્યાંથી ઘૂસ્યો? ઋષિઓએ તપ અને સાધના કરી શોધી કાઢ્યું કે 'હું' છે જ નહિ. છુપાઈ ગરેલા ભગવાનને તેમણે બહાર કાઢયા. આનું જ નામ સિદ્ધિ. આપણે તો, કોઈ 'ફૂ' કરી હાથમાંથી રૂપિયો કાઢી બતાવે તેને સિદ્ધિ સમજીએ છીએ. પરંતુ જગતમાં ચંદ્ર સૂર્ય જોઈને એમ થવું જોઈએ કે આના કરતાં બીજો કયો મોટો ચમત્કાર હોઈ શકે? અને ચમત્કાર કરવાની આપણી તાકાત ક્યાં? ચમત્કાર કરવો આ સિદ્ધિ હોઈ ન શકે. ભગવાન છુપાઈ ગયા લાગે છે તેને બહાર ખેંચી કાઢવા આ જ સિદ્ધિ છે. 'હું' છું જ નહિ. કેવળ ચૈતન્ય જ છે આની અનુભૂતિ મળે તેનું જ નામ સિદ્ધિ. ટૂંકમાં કહેવાનું હોય તો 'હું'ની જગાપર 'તું'ને બેસાડવો આનું નામ સિદ્ધિ.

ભગવાનને કહેવાનું કે ભગવાન! ઘણા જન્મારા તમારા પગ પકડવા પ્રયત્ન કર્યો. હવે એવું જીવન જીવીશ કે ભગવાન! તમારે મારી પાસે દોડતા આવવું પડશે. શા માટે? મારૂં પૂજન કરવા માટે.

લક્ષ્મીનારાયણના મંદીરમાં જશો તો ભગવાનના હાથમાં કમળ દેખાશે. શા માટે? ભગવાનને એવી અપેક્ષા છે કે એક આવો મારો બહાદુર દીકરો આવશે કે જેનું હું પૂજન કરીશ. ભગવાનની પૂજા કરવા તો બધા જાય તેમાં શું વિશેષ? પરંતુ આવો એક બહાદુર દીકરો હોય કે જેણે પોતાનું જીવન ભગવદ્‌રૂપ બનાવ્યું છે, પોતાનો 'હું' ખલાસ કર્યો છે તેનું પૂજન ભગવાન કમળથી કરે છે. આનું જ નામ સિદ્ધિ.

આ બધી વાત ખરી. પણ 'હું' ખલાસ કરવો એટલે શું કરવું?

મરી જવું? ના. 'હું' ખલાસ કરવો એટલે મને અસ્તિત્ત્વ જ નથી, ભગવાનનું જ અસ્તત્વ છે, આ સમજવું, એટલું જ નહિ; આનો અનુભવ થવો આનું નામ સિદ્ધિ. જેમ સમુદ્રમાં નદી ભળી જાય તો નદીનું અસ્તિત્ત્વ રહેતું જ નથી. (Complete merging) (પૂર્ણ ભળી જવું) આવી રીતે ભગવાનમાં પૂર્ણ રીતે ભળી જવું એટલે જ 'હું' ને ખલાસ કરી 'તુ' ને લાવવો. ('તુ' એટલે ભગવાનને લાવવો) આવો પ્રયત્ન કરવાવાળા ઘણા ઓછા મળે અને તેવો પ્રયત્ન કરવાવાળામાંથી પણ ભાગ્યે જ એકાદ ભગવાન પાસે પહોંચે છે. તેનું કારણ છે. રસ્તામાં એટલા બધા રમકડાં ભગવાને રાખી દીધાં છે કે જીવ એ રમકડામાં જ રમમાણ થઈ જાય છે; અને ભગવાનને ભૂલી જાય છે. આવા હજારોમાંથી એકાદ પ્રયત્ન કરે કે કાં તો રમકડા તરફ નજર જ ન નાખતાં ભગવાન તરફ ધ્યાન રાખી આગળ વધે. અને બીજા એવા બહાદુર નીકળે જે રમકડાં ગજવામાં ભરતા જાય અને ધ્યાન ભગવાન તરફ જ રાખી આગળ વધતા જાય, પરંતુ આ કઠણ છે તેથી જ ભગવાન કહે છે કે હજારોમાંથી એકાદ આવો પ્રયત્ન કરે છે અને આવા પ્રયત્ન કરવાવાળામાંથી એકાદ જ મારી પાસે આવી પહોંચે છે.

માનવી જીવન કરોળીયા જેવું છે. કરોળીયો આઠ ડગલાં ઉપર ચડે અને સાત ડગલાં નીચો ઉતરે. તેવું માનવનું થાય. યોગભ્રષ્ટ થયેલો માણસ હોય તેને બીજા જન્મમાં ઉત્કૃષ્ટ બુધ્ધિ મળે પણ એ જીવ ભગવાનને ભૂલી જાય અને ઊંધે રસ્તે બુધ્ધિ વાપરે અને પાછો ઉંદરડો થાય. ગયા જન્મારામાં સારા કામો કર્યાં. તેથી ઉત્કૃષ્ટ બુધ્ધિ, પૈસા, કીર્તિ, વિદ્યા બધું મળે પણ તે જીવ ભગવાનને ભૂલી જાય. કેટલાક માણસ ઉપર ભગવાન પૈસા ઢાલવે પણ એ માણસ હરામ ભગવત્ કાર્ય કરે તો. કરે જ નહિ ને. પૈસો આવ્યો, બુધ્ધિ આવી, અધિકાર મળ્યો કે માણસ ખસી જાય. આવા માણસો પડતા જ જાય. તેથી ભાગ્યે જ કોઈ માણસ ભગવાન પાસે પહોંચે. ભગવાનના મુકામ સુધી પહોંચવાવાળા બહુ ઓછા.

ભગવાનના મુકામ બદલતા નથી પણ આપણું મોઢું બદલાઈ

જાય છે ભગવાનનો મુકામ તો મુકકર છે, પણ આપણી દિશા બદલાઈ જાય છે. જરા બુધ્ધિનો ચમકારો મળવા દો, જરા પૈસા મળવા દો એટલે માણસ ખસી જાય. જે ભગવાનની શક્તિથી બોલી શકીએ, જેણે બુદ્ધિ આપી તેને ભૂલી જઇને બોલવા લાગે કે 'જગતમાં ભગવાન જ નથી.'

ભગવાને બુધ્ધિ, પૈસા, અધિકાર શા માટે આપ્યા? ભગવદ્કાર્ય કરવા માટે. ભગવાનનો લાડકો દીકરો થયા પછી પણ ભગવાનને ન ભૂલવાવાળા કોઈ જ નીકળી આવે.

એક વખત નારાયણ ભગવાન અને લક્ષ્મીજી બેઠા હતા. નારાયણે પૂછ્યું; 'ફરવા જવું છે?'

પોતાના પતિ જોડે ફરવા જવાનું કઈ સ્ત્રીને મન ન થાય? લક્ષ્મીજીએ કહ્યું. 'ચાલો, પણ જવું છે કયાં? તમારો ભકત અગવડમાં હશે.'

ભગવાન કહે; 'ના. મારા ભકતો તો ઘણા જોયા પણ તમારો ભકત જોયો?'

લક્ષ્મીજી કહે: 'ના'

ભગવાન કહે: 'તો ચાલો. આજે તમારા ભકતને જોવા.'

આમ નકકી કરી ભગવાન અને લક્ષ્મીજી બ્રાહ્મણ અને બ્રાહ્મણીનું સ્વરૂપ લઇ સૃષ્ટિ પર આવ્યા. નવા વર્ષનો દહાડો હતો. બંને જણા એક નગરમાં આવ્યા.

બ્રાહ્મણે (ભગવાન) બ્રાહ્મણી (લક્ષ્મીજી)ને કહ્યું: 'જુઓ. પેલો દેખાય છે તે નગરશેઠ છે, તમારો ભક્ત છે. તમે અહિં બેસો અને નાટક જુઓ.' આમ કહી બ્રાહ્મણ ગયો પેલા નગરશેઠ પાસે. દુકાનની બહાર જ ઊભા રહી પૂછ્યું.

બ્રાહ્મણ: "શેઠ! આપશો કાંઈ?"

શેઠ ખીજાઈ ગયા. મનમાં થયું આ વળી સવારના પહોરમાં

ક્યાં ભીખ માગવા આવ્યો? અને તે પણ સપરમે દહાડે! પણ ખીસ્સાના માર્યા ગજવામાં હાથ નાખી એકાદ પૈસો આપવા જતા હતા ત્યાં તેમને રોકી બ્રાહ્મણ બોલ્યો.

બ્રાહ્મણ : "શેઠ! આટલા બધા પૈસા મળ્યા છે તો કાંઈ ભગવાનનું કામ કરો છો કે? ભગવાનનો ભાગ આપો છો કે પછી બધું જ સ્વાહા?"

આ દોઢડહાપણ શેઠથી સહન ન થયું. શેઠને થયું એક તો ભીખ માગવા આવ્યો છે અને ઉપરથી ઉપદેશ કરે છે? શેઠ તો ચીડાઈ ગયા. ત્યાં બેઠા બેઠા જ ગુમાસ્તાને બોલાવીને કહ્યું, "આને બહાર કાઢ; ન માને તો લાત માર."

ગુમાસ્તો વિચારમાં પડી ગયો. તે બોલ્યો, "શેઠ! આ તો બ્રાહ્મણ છે. અને આજે નવું વર્ષ....મારાથી...."

શેઠ : (ગુસ્સામાં) "તને કહ્યું ને કે એને લાત માર."

ગુમાસ્તો : (શાંતિથી) "શેઠ એને લાત મારવાનો પગાર લેતો નથી. કામ કરવાનો પગાર લઉં છું." (કહીને ગુમાસ્તો ચાલ્યો ગયો)

શેઠને તો ખૂબ ગુસ્સો ચડ્યો. લાલપીળા થતાં કહ્યું, "અરે, જાય છે કે નહિ." બ્રાહ્મણ ત્યાં જ ઊભો ઊભો બોલ્યો.

બ્રાહ્મણ : શેઠ! જરા તો વિચાર કરો."

શેઠ : 'તારૂં ડહાપણ મને નથી જોઈતું. જાય છે કે નહિ?' કહીને શેઠે બ્રાહ્મણને લાત મારી, બ્રાહ્મણ પડી ગયો. મોઢામાં ધૂળ ગઈ. કપડાં ધૂળથી ભરાઈ ગયા.

શેઠ તો પાછા દુકાનમાં ચાલ્યા ગયા.'

આ તરફ બ્રાહ્મણી બ્રાહ્મણ પાસે આવી. આ જોઇને તેને દુઃખ થયું. બ્રાહ્મણને કહ્યું કે, 'તમને લાત!'

બ્રાહ્મણ : "મને તો અહિં રોજ લાત ખાવી પડે છે હરામ કોઈ પૈસાવાળા ભગવાનનું કામ કરે તો. ભગવાનનું કામ કરવું તો બાજુ પર રહ્યું પણ ભગવાનને લાત રોજ મારે તારા બધા ભક્તો આવા જ."

બ્રાહ્મણીના સ્વરૂપમાં રહેલાં લક્ષ્મીજી શરમાઈ ગયાં. બ્રાહ્મણીએ કહ્યું, "આવા ભગતને તો પાઠ ભણાવવો જ જોઇએ."

બ્રાહ્મણ : એ ચિંતા ન કર. હવે આ શેઠને ઠેકાણે લાવું છું." એમ કહી બ્રાહ્મણ પાછો શેઠની દુકાન પાસે ગયો. થોડીવાર પછી શેઠ લઘુશંકા કરવા ગયા. લાગ જોઈને બ્રાહ્મણના રૂપમાં રહેલા ભગવાન શેઠનું રૂપ ધારણ કરી દુકાનમાં શેઠની જગા પર ગોઠવાઈ ગયા. કોઈને ખબર ન પડી. વ્યવહાર ચાલુ જ રહ્યો.

થોડીવાર પછી સાચા શેઠ આવ્યા. અને આ નવા શેઠને જોઈ આભા જ થઈ ગયા. સાચા શેઠના મગજનો પારો ઉપર ચડી ગયો, પૂછ્યું; "કોણ છો તમે? તમને શું જોઈએ? અહિં કેમ આવ્યા છો?"

ખોટા શેઠ : "તમને શું જોઈએ? અહિં કેમ આવ્યા છો?"

સાચા શેઠ પોતાના ગુમાસ્તાઓને અને નોકરોને કહેવા લાગ્યા કે આ કોઈ નકલી છે. સાચો તો હું છું. આણે બધું પચાવી પાડ્યું છે.

પણ સાચા શેઠનું કોણ માને? प्रतिकुले जगन्नाथे प्रतिकुलं जगत् प्रथम् ભગવાન પ્રતિકુળ થાય તો જગત પ્રતિકુળ થાય.

નોકરોએ તો શેઠની વાત ન માની. દુકાનનો ગુરખો આવ્યો અને ધક્કા મારીને સાચા શેઠને બહાર કાઢ્યા. સાચા શેઠ વિચાર કરે કે ચાલ ઘરે જાઉં. પણ તેમના પહેલાં જ ખોટા શેઠે ઘરે સંદેશો પહોંચાડ્યો હતો કે આ ગામમાં કોઈ બહુરૂપી માણસ આવ્યો છે. મારી નકલ કરે છે. હું ઘરે રાત્રે જ આવવાનો છું તેથી કોઈપણ મારું રૂપ લઈને આવે તો બારણું ખોલશો નહિ. બસ થયું.

સાચા શેઠ ઘેર આવ્યા. બારણું ખખડાવ્યું પણ ઉઘાડે કોણ ? ખૂબ મહેનત કરી ત્યારે બારી ઉઘાડી શેઠાણીએ કહ્યું, "તમે તો ચોર છો." નક્લી છો. ચાલ્યા જાવ. નહિ તો નોકરોને બોલાવી માર ખવડાવીશ."

સાચા શેઠે સમજાવવા પ્રયત્ન કર્યો, પણ શેઠાણી થોડાં સમજે ! તેમણે તો ધડ દઈને બારી બંધ કરી દીધી. સાચા શેઠ વિચાર કરવા લાગ્યા કે હવે શું કરવું ? તે તો ખૂબ ગભરાઈ ગયા. પછી યાદ આવતાં રાજાને ત્યાં જવા વિચાર કર્યો પરંતુ તે પહેલાં ખોટા નગરશેઠ રાજાને ત્યાં પહોંચી ગયા હતા. ખોટા શેઠે રાજા પાસે ફરિયાદ કરી હતી કે ખોટો નકલી શેઠ બરાબર મારા જેવું જ રૂપ લઈ ગામમાં ફરે છે. મારે ઘરે પણ ગયો હતો. તમારી પાસે આવે તો તેની વાત માનશો. નહિ., તેને સજા કરજો.

આવું રાજાને કહી ખોટા શેઠ તો દુકાન પર પહોંચી ગયા અને શેઠના ઘરેથી આવેલું ભાણું જમી લીધું. દુકાનમાં બધો વ્યવહાર ચાલે છે. કોઈ મળવા આવે તો ખોટા શેઠ બધાને "જય ગોપાલ" કરે છે. (ખોટા શેઠ તો ત્રિભુવનાધીશ. તેમને તો બધાના નામો આવડે તેથી તેમને જરાપણ તકલીફ પડી નહિ.)

આ તરફ બપોરનો સમય થયો. તડકો તપ્યો છે. પરસેવાથી રેબઝેબ થયેલા સાચા શેઠ ભૂખ્યા પેટે રાજાને ત્યાં પહોંચ્યા. તો રાજાએ પણ હડધૂત કરીને તેને બહાર કાઢયો.

સાચા શેઠ કાલાવાલા કરવા લાગ્યા. પણ રાજા માને શાના ? રાજાએ કહ્યું; "બહાર નીકળી જા. નહિતર સિપાઇને બોલાવીને જેલમાં પુરાવી દઇશ."

સાચા શેઠ ગભરાઈ ગયા. અને ત્યાંથી નિરાશ વદને ચાલી નીકળ્યા. સવારનો કરોડપતિ સાંજના કંગાળ થઇ રસ્તામાં એકલો

અટૂલો થઈ ગયો. ચાલતાં ચાલતાં મંદિરને ઓટલે આવીને બેસી ગયો. તે વખતે બ્રાહ્મણ (ભગવાન જ ફરી બ્રાહ્મણનું રૂપ લઇ આવ્યા) સાથા શેઠ પાસે આવ્યા અને શેઠને કહ્યું, "શેઠ ! આજે તમારૂં મોઢું જોયું તો મને આજે કંઈ મળ્યું નથી. તમે જ કંઈક આપો."

શેઠ: "હું જ કંગાળ થઈ ગયો છું. તો તમને શું આપું ?" (શેઠની ભાષા હવે બદલાઇ ગઇ હતી).

બ્રાહ્મણ: "હવે ભગવાનનો ભાગ આપશો ને ?" શેઠે 'હા' પાડી અને ત્યાર બાદ શેઠ બદલાઈ ગયા. બ્રાહ્મણે શેઠને પાછા દુકાને પહોંચાડયા.

આવી રીતે ભગવાન કેટલાય પાઠ ભણાવે પણ માણસ બદલતો નથી. માણસને કંઈક સિદ્ધિ મળે કે ખસી જાય છે.

યશસ્વી, દૈવી જીવન જીવવા માટે ભગવાને શક્તિ આપી, પણ ભગવાનને જ માણસ ભૂલી જાય. ભગવાનના હાથમાં જ્યાં સુધી આપણા પતંગની દોરી છે ત્યાં સુધી ઠીક છે; નહિતર દોર કપાયા પતંગની શી સ્થિતિ થાય ? ઉત્તરાયણને બીજે દીવસે પતંગ સંડાસની ટાંકી ઉપર પડયો હોય. રંગ ઊતરી જાય અને પતંગ ફાટી જાય. આવી જ રીતે ભગવાનને ભૂલેલા બધા દોર કપાયેલા પતંગ જેવા થઇ જાય. એમની સ્થિતિ જોઇ દયા આવે.

કેટલાક લોકોને પ્રચંડ બુદ્ધિ અને પૈસો ભગવાન આપે પરંતુ એ ભગવાનનું કામ કરે જ નહિ. ભગવાનના કામમાં લુચ્ચાઇ અને શાઠય બતાવે. એક પણ દિવસ ભગવાનના કામમાં વાપરે નહિ. અગિયારસ એ ભગવાનનો દહાડો છે. તે દહાડે ભગવાનનું કામ કરવાનું એમ સંતો, ઋષિઓ કરે. બુદ્ધિ ભગવાને આપી હોય તો બુદ્ધિનો ભૂક્કો ભગવત્કાર્ય માટે વાપરવાનું સંતો કહે. પણ સાંભળે કોણ ?

પૈસો વધી જાય તો એ વાપરવો તો પડે જ. પછી સ્વાર્થથી

કોઈ જગ્યાએ આપે અને તેને દાન કહે. આપવું એટલે દાન નહિ. શા માટે આપ્યું? આપવાનો હેતુ કયો? આ બધું ભગવાન તપાસે.

એક એક જન્મારામાં એક એક પેપર ભગવાન આપે છે. એક પેપરમાં પાસ થાય તો જ ભગવાન બીજો પેપર આપી બીજી પરીક્ષા કરે.

માણસ લક્ષ્મીનારાયણના મંદિરમાં જાય અને બોલે કે "લક્ષ્મી-નારાયણ દેવકી જય" પરંતુ ભગવાનનો જય ક્યારે થાય? જ્યારે મારો પરાજય થાય ત્યારે ભગવાનનો જય થાય. ભગવાનનો જય એટલે ભગવાનને બુદ્ધિ, મન સોંપી દેવાનું અને ભગવાનના વિચારો મુજબ ચાલવાનું.

ભિખારીઓ પણ અભ્યાસ કરવા જેવા છે. ગયા જન્મારામાં તેઓ વિત્તવાન હશે, ઉત્કૃષ્ટ એન્જિનીયર કે વિદ્વાન હશે. પરંતુ ભગવાને સગવડ કરી આપી એટલે માણસ ખસી જાય. સગવડ એ પરીક્ષા છે.

દુઃખમાં તમે મન કેવી રીતે કેળવ્યું અને સુખની ટોચ પર રાખ્યા પછી તમારૂં મન કેવું રહ્યું; આ બધું ભગવાન તપાસે. આ બધી પરીક્ષાઓમાં પાસ થવાનું. તેથી જ ભગવાન કહે છે કે સિદ્ધિ માટે પ્રયત્ન કરવાવાળાઓમાંથી એકાદ જ મારી પાસે આવે છે.

ભગવદ્કાર્યમાં જેણે લુચ્ચાઈ કરી શાઠ્ય કર્યું તેનું કોઈ દિવસ ભલું થવાનું નહિ. આ શાપ નથી પણ નિત્યનો સિદ્ધાંત છે, નિયમ છે.

ભગવાનના First class (પહેલા નંબરના) છોકરાને ગીતા, ઉપનિષદ્ જોઈતાં નથી. હા! કદાચ ગીતા જયંતિની (Committee) કમીટીમાં મેમ્બર (સભ્ય) હોય પણ એ બધું દેખાડવા માટે. એ બધા શોભાના પૂતળાં છે.

અમારૂં સાંખ્યદર્શન કહે છે કે ભગવાનના લાડકા દીકરાઓને જ ઉપદેશની જરુર છે. राजपुत्रवत् तत्त्वोपदेशात् રાજપુત્રને ઉપદેશ જરૂરી છે કારણ જેટલી જેટલી સિદ્ધિ મળે એટલું અધઃપતન થવાની વકી છે. આમ સગવડ આવે તે જીવનમાં અગવડ થઈ જાય. તેથી જ ભગવાન કહે છે કે મારા તરફ વળવાવાળા માણસ ઓછા અને તેમાં પણ મારી પાસે આવવાવાળા તો નહિવત્.

ભગવાનના ( First class ) પહેલા વર્ગના લોકોનો ઉજ્જવળ ભૂતકાળ હોય છે. અને અંધકારમય ભવિષ્યકાળ હોય છે. એટલે એમની દયા ખાવાની હોય છે.

આ શ્લોકમાં ભગવાને કહ્યું છે કે **"જીવનવિકાસના પંથે જવાવાળા જ ઘણા ઓછા અને એ વિકાસના પંથે ટકી રહેવાવાળા તો ભાગ્યેજ હોય."**

સુંદર સ્ત્રી, પૈસો, બંગલો, પુત્ર વગેરે રમકડાં ભગવાને રાખ્યાં દીધાં છે. તે રમકડાં કાં તો ગજવામાં મૂકો અથવા રમકડાં તરફ ન જોતાં આગળ વધો. શ્રીમદ્ શંકરાચાર્ય જેવા કોઈક જ નીકળે જે બધું છોડીને પાંચ મિનિટમાં જગત મિથ્યા ઠરાવી આગળ વધ્યા.

મહાલક્ષ્મીના મંદિરે દર્શન કરવા જવા નીકળ્યા પણ ભાઈસાહેબનો મેળામાં બધી વસ્તુઓ જોવામાં જ વખત નીકળી જાય. અને દર્શન કરવાનું રહી જાય. પછી થાક્યો પાક્યો ઘરે આવીને સૂઈ જાય. આવી જ રીતે જીવ ભગવાન પાસે જવા નીકળ્યો પણ રસ્તા વચ્ચે રમકડાં જોવામાં મગ્નો રહે અને ભગવાન પાસે જવાનું રહી જાય.

ભગવાન મને ઊર્મિ આપ, બુદ્ધિ આપ, વિદ્યા આપ, પૈસા આપ પણ આપતી વખતે મારી બુદ્ધિ સ્થિર રાખ. જેથી બુદ્ધિ, કીર્તિ, વિદ્યા અને પૈસો સત્કર્મ માટે વાપરૂં અને હું ખસી ન જાઉં. આ પ્રાર્થના કરીને આ શ્લોક પૂરો કરીશું.